પોલીસ કમિશ્નરની કચેરી, અમદાવાદ શહેર.
શાહીબાગ,અમદાવાદ
વિશેષ શાખા, કચેરી ટેલીફોન નં-૦૭૯૨૫૬૩૩૪૦૦.
Email:Spl1-ahd@gujarat.gov.in

# "કરફ્યુ હુકમ"

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ સને ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે હુકમ

નંબર-વિ.શા/ જાહેરનામું/ એ-સેકશન/૫૬/ ૨૦૨૧. તા.૦૭/૦૪/૨૦૨૧

વંચાણે લીધા:-૦૧. ગુજરાત સરકાર ગૃહવિભાગના પત્ર ક્રમાંક: વિ-૧/ કઅવ/ ૧૦૨૦૨૦/ ૪૮૨ તા.૦૬/૦૪/૨૦૨૧ આધારે.

૦૨. અત્રેની કચેરીના નંબર-વિ.શા/ જાહેરનામું/ એ-સેક્શન/ ૫૨/ ૨૦૨૧.તા.૩૧/૦૩/૨૦૨૧

સમગ્ર દેશમાં COVID-19 ની અસરોને ધ્યાને લેતા નેશનલ ડીઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરીટીના નિર્દેશો મુજબ કેન્દ્રીય ગૃહ મંત્રાલયના તા.૨૩/૦૩/૨૦૨૧ ના હુકમ ક્રમાંક: 40-3/2020-DM-I(A) તથા રાજ્યમાં COVID-19 ની અસર કેટલાક શહેરોમાં વધારે વર્તાઈ રહી છે. આ બાબતની ગંભીરતાને ધ્યાને લેતાં નામદાર હાઈકોર્ટ દ્વારા તા.૦૬.૦૪.૨૦૨૧ ના રોજ રાજ્ય સરકાર દ્વારા અસરકારક પગલા લેવા સુચન કરવામાં આવેલ છે. જે અનુસંધાને કોરોના સંક્રમણની હાલની પરિસ્થિતી ધ્યાને લેતા રાજ્ય સરકારે નીચે મુજબ નિર્ણય કરેલ છે. ગુજરાત સરકારના ગૃહ વિભાગના ક્રમાંક : વિ-૧/ કઅવ/ ૧૦૨૦૨૦/ ૪૮૨ (પા.ફા.) તા.૦૬/૦૪/૨૦૨૧ ના હુકમથી કરફ્યુ ની અવધી તા.૩૦.૦૪.૨૦૨૧ સુધી લંબાવવા હુકમ કરવામાં આવેલ છે. પરંતુ અત્રેની કચેરીના નંબર-વિ.શા/ જાહેરનામું/ એ-સેક્શન/ ૫૨/ ૨૦૨૧.તા.૩૧/૦૩/૨૦૨૧ હાલમાં અમદાવાદ શહેરમાં રાત્રિના કલાક ૦૯.૦૦ થી સવારના કલાક ૦૬.૦૦ સુધી રાત્રિ કરફ્યુ અમલમાં છે.જેમાં ઉપરોક્ત ગુજરાત સરકારના ગૃહ વિભાગના ક્રમાંક : વિ-૧/ કઅવ/ ૧૦૨૦૨૦/ ૪૮૨ (પા.ફા.) તા.૦૬/૦૪/૨૦૨૧ ના હુકમથી તા.૦૭.૦૪.૨૦૨૧ થી તા.૩૦.૦૪.૨૦૨૧ સુધી રાત્રિના કલાક ૦૮.૦૦ થી સવાર ના કલાક ૦૬.૦૦ સુધી કરફ્યુ મુકવાનો નિર્ણય લિધેલ છે. તેમજ કરફ્યુના સમયના કલાકો દરમિયાન શહેરમાં લગ્ન સત્કાર સમારંભ કે અન્ય કાર્યક્રમો યોજી શકાશે નહી. જે અનુસંધાને ઉપરોક્ત અત્રેની કચેરી નંબર-વિ.શા/ જાહેરનામું/ એ-સેક્શન/૫૨/૨૦૨૧ તા.૩૧/૦૩/૨૦૨૧ થી બહાર પાડેલ જાહેરનામાને તા.૦૧/૦૪/૨૦૨૧ થી તા. ૦૭/૦૪/૨૦૨૧ ના સવાર કલાક ૦૬/૦૦ વાગ્યા સુધી માન્ય રહેશે. જ્યારે ત્યારબાદ તા.૦૭/૦૪/૨૦૨૧ ના રાત્રિના કલાક ૦૯/૦૦ થી તા.૧૫/૦૪/૨૦૨૧ ના કલાક ૦૬/૦૦ વાગ્યાનું જાહેરનામું આથી રદ કરી નીચે મુજબનો હુકમ જરૂરી જણાય છે.

COVID-19 ના સંક્રમણને રોકવા તથા તેને સંપુર્ણ પણે નાબૂદ કરવા સાવચેતી તથા નિયત containment strategy નું પાલન કરવું આવશ્યક જણાય છે. જેથી surveillance, containment અને COVID-19 ના સંક્રમણને રોકવા અંગેની માર્ગદર્શિકાના ચુસ્તપણે અમલીકરણ માટે National Disaster Management Authority ના નિર્દેશો મુજબ તથા ગુજરાત સરકારના ઉકત હુકમમાં જણાવ્યા મુજબ અમદાવાદ શહેરમાં કોરોનાના સંક્રમણને રોકવા તથા તેને સંપૂર્ણ પણે નાબૂદ કરવા પ્રવર્તમાન પરિસ્થિતિને ધ્યાને લેતાં, લોકોમાં સ્વાસ્થ્ય, સુરક્ષા અને જાહેર જનતાના હિતને લક્ષમાં લઈ નીચે મુજબનો હુકમ જરૂરી જણાય છે.

આથી હું સંજય શ્રીવાસ્તવ, પોલીસ કમિશ્નર, અમદાવાદ શહેર, ગુજરાત સરકારના ગૃહ વિભાગના તા.૦૮/૧૧/૧૯૮૨ ના નોટીફીકેશન નં.જીજી/ ૪૨૨/ સીઆરસી/ ૧૦૮૨/ એમ તથા ગૃહ વિભાગના તા. ૦૭/૦૧/૧૯૮૯ ના સંકલીત જાહેરનામાં નં.જીજી/ ફકઅ/ ૧૦૮૮/ ૬૭૫૦/ મ અન્વયે મને મળેલ સત્તાની રૂએ ફોજદારી કાર્યરીતી

અધિનિયમ સને-૧૯૭૩ (૧૯૭૪ના નં.૨) ની કલમ-૧૪૪ મુજબ ફરમાવુ છું કે, અમદાવાદ શહેરમાં પોલીસ કમિશ્નરેટ વિસ્તારમાં તા.૦૭.૦૪.૨૦૨૧ થી તા.૩૦.૦૪.૨૦૨૧ દરમ્યાન દરરોજ રાત્રિના ૦૮.૦૦ કલાકથી સવારના ૦૬.૦૦ કલાક સુધી રાત્રિ કરફ્યુ અમલમાં મુકવામાં આવે છે. જેથી અમદાવાદ શહેરના રહેવાસીઓએ પોતાના રહેણાંક મકાનની બહાર નીકળવું નહી, કોઈપણ માર્ગ, જાહેર રાહદારી રસ્તાઓ, રાજમાર્ગો, શેરીઓ, ગલીઓ, પેટા ગલીઓમાં તથા જાહેર જગ્યાઓ ઉપર ઉભા રહેવું નહી અથવા પગપાળા કે વાહનો મારફતે હરવું-ફરવું નહી. તેમજ નીચે મુજબના પ્રતિબંધ ફરમાવું છું.

1. કરફ્યુના સમયના કલાકો દરમિયાન શહેરમાં લગ્ન સત્કાર સમારંભ કે અન્ય કાર્યક્રમો યોજી શકાશે નહી.
2. તા.૦૭/૦૪/૨૦૨૧ થી તા.૩૦/૦૪/૨૦૨૧ સુધી રાજકીય સામાજીક અને અન્ય મેળાવડા પર સંપુર્ણ પ્રતિબંધ રહેશે.

-:વિસ્તાર:-

અમદાવાદ શહેર પોલીસ કમિશ્નરેટ હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

-:અપવાદ:-

નીચે જણાવેલ સેવાઓ સાથે સંકળાયેલ વ્યક્તિઓ/ સંસ્થાઓને ઉપરોકત હુકમ પાલનમાંથી મુક્તિ આપવામાં આવે છે:

1. જાહેર ઉપયોગીતા જેવી કે પેટ્રોલીયમ સીએનજી, એલપીજી, પાણી, સ્વચ્છતા સહિતની સેવાઓ, વીજ ઉત્પાદન અને ટ્રાન્સમિશન એકમ, ટેલિકોમ્યુનિકેશન સર્વિસીસ, રાષ્ટ્રીય માહિતી કેન્દ્ર, પ્રારંભીક ચેતવણી એજન્સી.
2. પોલીસ, હોમગાર્ડઝ, સિવિલ ડિફેન્સ, ફાયર એન્ડ ઈમરજન્સી સેવાઓ, ડિઝાસ્ટર મેનેજમેન્ટ, સંરક્ષણ કેન્દ્રીય સશસ્ત્ર પોલીસ દળ, જેલો અને મ્યુનિસિપલ કોર્પોરેશનની આવશ્યક સેવાઓ.
3. જાહેર અને ખાનગી ક્ષેત્ર સહિતના તમામ તબીબી સેવાઓ, મેડીકલ સ્ટોર તથા ઈ-કોમર્સ દ્વારા ફાર્માસ્યુટિકલ હોમ ડિલવરી.
4. દૂધ વિતરણ.
5. ઈલેકટ્રીક મીડીયા અને પ્રીન્ટ મીડીયા.
6. ખાનગી સિક્યુરીટી સેવાઓ.
7. આવશ્યક ચીજવસ્તુઓના ઉત્પાદન એકમો, ફાર્માસ્યુટીકલ તથા જે ઉત્પાદન એકમોમાં સતત પ્રકિયાની જરૂર પડે છે.
8. અંતિમ સંસ્કારના કિસ્સામાં, વીસ જેટલા વ્યક્તિઓ ભેગા થઈ શકે તે રીતે પરવાનગી આપી શકાશે.
9. રેલ્વે અને એરપોર્ટ પર માલસામાનની હેરફેર માટેની પ્રવૃતિઓ.
10. રેલ્વે અને હવાઈમાર્ગ અવર-જવર કરનાર મુસાફરોને લેવા તથા મુકવા માટે માન્ય ટિકીટ રજૂ કર્યેથી મંજુરી જે માટે જ ટેકસી તથા રેડિયો કેબ સેવાઓ ચાલુ રહેશે.
11. ATM બેંન્કીંગ ઓપરેશનના IT વેન્ડરો સહિત, ATM ઓપરેશન અને રોકડ વ્યવસ્થાપન એજન્સીઓ.
12. તમામ પ્રકારના માલસામાનનું પરિવહન.
13. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન મેન્ટેનન્સ વકર્સ તથા કેપિટલ વકર્સની સાથે સંકળાયેલા માણસો તથા વાહનો.
14. ભારત સરકારના તથા ગુજરાત સરકારના વખતો વખતના સુધારા આદેશોને આધીન અપવાદો.
15. પોલીસ કમિશનરશ્રી અમદાવાદ શહેરનાઓ તરફથી ફરજના ભાગરૂપે અનિવાર્ય સંજોગોમાં આવવા-જવા માટે ખાસ પરવાનો આપવામાં આવેલ હોય તેવા વ્યક્તિઓ.

16. ઉપરોકત તમામ છુટછાટો સોશિયલ ડીસ્ટન્સીંગ, ફેસ કવર, હેન્ડ સેનીટાઈઝર વિગેરે સંબધમાં COVID-19 ની માર્ગદર્શક સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવાની શરતે આપવામાં આવે છે.

**-:શિક્ષા:-**

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર ભારતીય ફોજદારી અધિનિયમ સને-૧૮૬૦ ની કલમ ૧૮૮, અને લાગુ અન્ય કાનૂની જોગવાઈઓ સહિત, **The Disaster Management Act, 2005** ની કલમ ૫૧ થી ૬૦ ની જોગવાઈઓ મુજબ શિક્ષાને પાત્ર થશે.

**-:જાહેર વિજ્ઞાપન:-**

હું આથી આદેશ આપું છું કે, આ હુકમની જાહેરાત નિર્દેશ કરેલ વિસ્તારોમાં સહેલાઇથી દેખી શકાય તેવી જગ્યાઓએ તેની નકલો ચોંટાડી, લાઉડ સ્પીકર વાહન દ્વારા તેમજ અમદાવાદ શહેર પોલીસના તમામ **Social media** એકાઉન્ટસ ઉપર તેમજ સ્થાનિક વર્તમાન પત્રો, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્રો ઉપરથી બહોળી પ્રસિધ્ધી કરાવવી.

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશ્નરેટમાં ફરજ બજાવતા અનાર્મ હેડ.કોન્સ્ટેબલ અને તેનાથી ઉપરના દરજ્જાના કોઇ પણ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાંનો ભંગ કરનાર ઇસમો સામે ભારતીય ફોજદારી અધિનિયમ સને-૧૮૬૦ ની કલમ ૧૮૮, અને લાગુ અન્ય કાનૂની જોગવાઈઓ સહિત, **The Disaster Management Act, 2005** ની કલમ ૫૧ થી ૬૦ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તા.૦૭ /૦૪/૨૦૨૧ ના રોજ મારી સહી અને સિક્કા કરી આપેલ છે.

(સંજય શ્રીવાસ્તવ)
પોલીસ કમિશ્નર
અમદાવાદ શહેર

**નકલ સવિનય રવાના:**

(૧) અગ્ર સચિવશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર, ગુજરાત સરકાર.
(૨) અધિક મુખ્ય સચિવશ્રી, ગુજરાત રાજય, ગૃહ વિભાગ, ગાંધીનગર.
(૩) પોલીસ મહાનિર્દેશક અને મુ.પો.અધિ.શ્રી,ગુ.રા, ગાંધીનગર.
(૪) અધિક પો.મહાનિદેશકશ્રી(ઈન્ટે), ગુ.રા, ગાંધીનગર.
(૫) પોલીસ કમિશનરશ્રી, સુરત, વડોદરા, રાજકોટ શહેર.
(૬) મ્યુનિસિપલ કમિશનરશ્રી, અમદાવાદ શહેર.
(૭) નાયબ મ્યુનિસિપલ કમિશનરશ્રી,દાણાપીઠ,અમદાવાદ શહેર.
(૮) કલેકટરશ્રી, અમદાવાદ શહેર.
(૯) નિયામકશ્રી, માહિતી ખાતુ, ગુ.રા, ગાંધીનગર.
(૧૦) સંયુકત માહિતી નિયામકશ્રી, બેરેક નં-૦૩, આંબાવાડી, પોલીટેકનીક, અમદાવાદ શહેર.
(૧૧) રજીસ્ટ્રારશ્રી, હાઈકોર્ટ, ગુ.રા, અમદાવાદ શહેર.
(૧૨) રજીસ્ટ્રારશ્રી, સિવિલ અને સેશન્સ કોર્ટ, અમદાવાદ શહેર.
(૧૩) રજીસ્ટ્રારશ્રી, સેશન્સ કોર્ટ, મીરઝાપુર, અમદાવાદ શહેર.
(૧૪) ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટશ્રી, અમદાવાદ શહેર.
(૧૫) સિનિયર સરકારી વકીલશ્રી, અમદાવાદ શહેર.

(૧૬) સંયુકત/ અધિક પોલીસ કમિશનરશ્રી, સેકટરટર-૧,૨/ ક્રાઈમ બ્રાંચ/ મુખ્ય મથક/ ટ્રાફીક શાખા.

(૧૭) મેનેજરશ્રી, ગર્વમેન્ટ પ્રેસ અને સ્ટેશનરી ડીપાર્ટમેન્ટ વડોદરા તરફ ગેજેટ ભાગ-૦૧ માં પ્રસિધ્ધ કરવા સારૂ તેમજ પાંચ નકલો અત્રે વિશેષ શાખાને મોકલી આપવી, અમદાવાદ શહેર.

(૧૮) તમામ નાયબ પોલીસ કમિશનરશ્રીઓ, અમદાવાદ શહેર.

(૧૯) નાયબ પોલીસ કમિશનરશ્રી (ઈન્ટે), અમદાવાદ શહેર.

(૨૦) તમામ મદદનીશ પોલીસ કમિશનરશ્રીઓ, અમદાવાદ શહેર.

(૨૧) જનસંપર્ક અધિ.શ્રી, (સ્થાનિક વર્તમાન પત્રો તેમજ આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર ઉપરથી જાહેરાત કરવા)

(૨૨) તમામ પો.ઈન્સશ્રીઓ,અમદાવાદ શહેર.( જાહેર જગ્યાઓએ નકલો ચોંટાડી લાઉડ સ્પીકર વાહન દ્વારા જાહેરાત કરાવવા સારૂ)

(૨૩) મદદનીશ પોલીસ કમિશનરશ્રી, એસ.ઓ.જી, અમદાવાદ શહેર.

(૨૪) પો.ઈન્સશ્રી, રેલ્વે એસ.ઓ.જી, કાલુપુર રેલ્વે સ્ટેશન, અમદાવાદ શહેર.

(૨૫) પો.ઈન્સશ્રી, અમદાવાદ રેલ્વે સ્ટેશન.

(૨૬) પો.સબ.ઈન્સશ્રી, સાબરમતી રેલ્વે સ્ટેશન.

(૨૭) પો.ઇન્સ.શ્રી કોમ્પ્યુટર શાખા,પોલીસ કમિ.શ્રીની કચેરી (**C.P. Ahmedabad website** ઉપર પ્રસિધ્ધ કરવા સારૂ.

(૨૮) મ.પો.કમિ.શ્રી સાયબર ક્રાઈમ (અમદાવાદ શહેર પોલીસના તમામ **Social Media** પ્લેટફોર્મ પર પ્રસિધ્ધ કરવા સારૂ)